ELECTION IMMEDIATE

# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE

**Media Cell**

General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 6, 2nd floor, Sachivalay, Gandhinagar-382010

**Date: 12.04.2024** **Press Note No. 27**

# લોકસભાની સામાન્ય ચૂંટણી માટે ત્રણ ઉમેદવારોએ તથા વિધાનસભાની પેટા ચૂંટણી માટે એક ઉમેદવારે ફોર્મ ભર્યું

.................................

ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર રાજ્યની લોકસભાની તમામ ૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણીઓ માટેનું તથા ૨૬-વિજાપુર, ૮૩-પોરબંદર, ૮૫-માણાવદર, ૧૦૮-ખંભાત તથા ૧૩૬-વાઘોડિયા વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણીઓ માટેનું જાહેરનામું આજ તા.૧૨.૦૪.૨૦૨૪ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવતા સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ પાસે ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થઈ ગઈ છે.

લોકસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભમાં આજે નામાંકન સ્વીકારવાનું શરૂ થયાના પ્રથમ દિવસે એટલે કે, **તા.૧૨.૦૪.૨૦૨૪**ના રોજ નીચે મુજબના ઉમેદવારોએ ઉમેદવારીપત્રો રજૂ કર્યા છે :-

| ક્રમ | ઉમેદવારનું નામ | પક્ષ | લોકસભા મતવિભાગ |
|---|---|---|---|
| ૧ | ભોરણીયા સોયબભાઈ હાસમભાઈ | અપક્ષ | ૦૩-પાટણ |
| ૨ | રાહુલ ચીમનભાઈ મહેતા | રાઈટ ટુ રિકોલ પાર્ટી | ૦૬-ગાંધીનગર |
| ૩ | પાંડોર કૌશિકકુમાર શંકરભાઈ | અપક્ષ | ૧૮-પંચમહાલ |

જ્યારે વિધાનસભાની પેટા ચૂંટણીના સંદર્ભમાં આજ તા.૧૨.૦૪.૨૦૨૪ ના રોજ નીચે મુજબના ઉમેદવારોએ ઉમેદવારીપત્રો રજૂ કર્યા છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | પક્ષ | વિધાનસભા મતવિભાગ |
|---|---|---|---|
| ૧ | વિપીનભાઈ માધવભાઈ પરમાર | અપક્ષ | ૧૩૬-વાઘોડિયા |

આમ આજ તા.૧૨.૦૪.૨૦૨૪ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભમાં **કુલ:3 (ત્રણ)** ઉમેદવારી પત્રો તથા વિધાનસભાની પેટા ચૂંટણીના સંદર્ભમાં **કુલ:૧ (એક)** ઉમેદવારી પત્ર રજૂ થયા છે.

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની પેટા ચૂંટણી-૨૦૨૪ના સંદર્ભમાં ઉમેદવારો દ્વારા પોતાના ઉમેદવારીપત્રો સાથે સોગંદનામું (એફિડેવિટ- ફોર્મ-૨૬) પણ રજૂ કરવાનું રહે છે. જેથી ઉમેદવારો દ્વારા રજૂ કરવામાં આવતા સોગંદનામા (ફોર્મ-૨૬) રજૂ કર્યાના ૨૪ કલાકની અંદર મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાતની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે. જે https://ceo.gujarat.gov.in/Home/Affidavits-of-Candidates લિન્ક પર જઈને જોઈ શકાશે. ઉમેદવારીપત્રો તા.૧૯.૦૪.૨૦૨૪ ના રોજ બપોરે ૦૩.૦૦ કલાક સુધી રજુ કરી શકાશે.

.....................................